નાયબ કલેકટર અને સક્ષમ અધિકારીશ્રીની કચેરી તરફથી વપરાશી હકક અંગેની નોટીસ.

(૫)

નં.સી.એ./આર.ઓ.યુ./
નાયબ કલેકટર અને સક્ષમ અધિકારીની કચેરી,
ભારત ઓમાન રીફાઈનરીઝ લિમીટેડ,
૧૪ – ક્રિષ્ણા બંગલોઝ, પ્રહલાદ નગર,
પ્રહલાદ નગર ગાર્ડન પાસે,
એસ. જી. હાઈવે, અમદાવાદ – ૩૮૦ ૦૫૯.
તારીખ : ૩ / ૨૪/૦૭

પ્રતિ,
શ્રી પુષ્પાબેન રાજેન્દ્રભાઈ
મુ – રાંચરડા તા. માંડલ
જી. સુરેન્દ્રનગર

વિષય : ધી પેટ્રોલિયમ એન્ડ ખનીજ પાઈપ લાઈન્સ એકટ ૧૯૬૨ ની જોગવાઈ હેઠળ પાઈપલાઈન નાંખવા બાબત.

આથી મોજે: રાંચરડા તા.: માંડલ જીલ્લો: સુરેન્દ્રનગર ના સર્વે નંબર / બ્લોક નંબર ૪૭ ના સંદર્ભકર્તા શખ્સોને જણાવવામાં આવે છે કે, સદરહુ જમીન અંગે ઉપરોકત કાયદાની જોગવાઈ હેઠળ ભારત ઓમાન રીફાઈનરીઝ લી., ની તરફેણમાં " જમીનમાં વપરાશી હકક" સરકારશ્રી દ્વારા સંપાદિત કરવામાં આવેલ છે, જે ઉકત ભારત ઓમાન રીફાઈનરીઝ લી., (એટલે કે, બી.ઓ.આર.એલ.) ને પ્રાપ્ત થયેલ છે. સદરહુ વપરાશી હકક હેઠળની જમીનમાં નીચે મુજબના ભાગ હેઠળ પેટ્રોલિયમની નવી પાઈપલાઈન નાંખવાનું જરૂરી બન્યું છે.

	હે. આરે. ચોમી.
જમીનમાં વપરાશી હકકનું ક્ષેત્રફળ (Area of R.O.U)	૦ . ૨૪ ૬૦

આથી તમોને ધી પેટ્રોલિયમ એન્ડ પાઈપલાઈન્સ એકટ ૧૯૬૨ અન્વયે નોટીસથી જણાવવામાં આવે છે કે, સદરહુ પાઈપલાઈન નાંખવાની કામગીરી તા. ૨૦/૧૧/૦૭ ના રોજ અને તે પછીના દિવસોએ કરવામાં આવશે, તેની નોંધ લેશો. કામ શરૂ કરતાં પહેલાં આપના ખેતરમાં વપરાશી હકક હેઠળ આવરેલ જમીન પરનાં ઉભા પાક, ઝાડ, વિગેરેનો પંચકયાસ કરવામાં આવશે. પાઈપલાઈન નાંખવાની કામગીરી દરમ્યાન તમારી જમીનમાં થતાં નુકશાનનું પુરેપુરું વળતર ચુકવવામાં આવશે (પરંતુ બાંધકામ, કુવા વિગેરેનું વળતર કલમ ૩(૧) નાં જાહેરનામાંની તારીખે જણાયેલ સ્થિતિને ધ્યાને રાખીને નકકી કરવામાં આવશે).

આ બાબતે, પાક તથા ઈતર નુકશાનીના વળતર માટે ધી પેટ્રોલિયમ એન્ડ મીનરલ પાઈપલાઈન્સ એકટ – રૂલ્સ – ૧૯૬૩ ના નિયમ – ૪ (ક) ની જોગવાઈ અન્વયે આ કામ પુરૂં થયાની જાહેરાત સક્ષમ અધિકારી બહાર પાડી ગામે પ્રસિધ્ધ કરે તે તારીખથી સાઈઠ (૬૦) દિવસની મુદતમાં તમો અત્રેની કચેરી સમક્ષ પોતાનો દાવો (કલેઈમ) નોંધાવી શકશો. ઉપરોકત દર્શાવેલ વિસ્તાર ઉપરાંત પાક કે ઈતર નુકશાની બાબતે પંચકયાસ કરવા અત્રેથી અધિકારી રૂબરૂ આવશે, જેની આથી તમોને જાણ કરવામાં આવે છે.

Competent Authority & Dy. Collector Bharat Oman Refineries Ltd. Ahmedabad. Gujarat

નાયબ કલેકટર અને સક્ષમ અધિકારી
ભારત ઓમાન રીફાઈનરીઝ લિમીટેડ

D:\BOL-CACA-GUJ-10082007.DOC